પત્રિકા
૨૦૪

# ચિરાગે હિદાયત

૩૧/૦૩/૧૯
૨૩ રજબ

## આ અઠવાડિયાની મુનાસેબત

૨૪ રજબ/૦૧ એપ્રિલ : વિલાદતે હઝરત અલીઅસગર(અ.સ.)
૨૫ રજબ/૦૨ એપ્રિલ : શહાદતે ઈમામ મૂસા કાઝિમ(અ.સ.)
૨૬ રજબ/૦૩ એપ્રિલ : શહાદતે હઝરત અબુતાલિબ(અ.સ.)
૨૭ રજબ/૦૪ એપ્રિલ : ઈદે મેઅરાજ અને યવ્મે બેઅસત
૨૮ રજબ/૦૫ એપ્રિલ : યવ્મે સફર

## ઈમામ મૂસા કાઝિમ(અ.સ.)

ફરઝંદે રસૂલ ઈમામ મૂસા કાઝિમ(અ.સ.) લગભગ ૩૫ વર્ષ મસ્નદે ઈમામત પર ફાએઝ રહ્યા. જેમાંથી મોટા ભાગે આપ(અ.સ.) કૈદખાનામાં રહ્યાં.

ઈમામ મૂસા કાઝિમ(અ.સ.) દરેક મુનાસીબ સમયમાં ખુદાવંદે આલમની બારગાહમાં નમાઝ પઢવામાં અને અલ્લાહથી નઝદીકી હાંસિલ કરવામાં મશગૂલ રહેતા હતા. આપ(અ.સ.) ઉપર જ્યારે પણ ઝુલ્મ-સિતમ થતો ત્યારે તેઓ નમાઝ પઢીને સબ્ર કરતા. ઈમામ મૂસા કાઝિમ(અ.સ.) દરેક હાલતમાં સબ્ર અને શુક્ર અદા કરતા.

આપ(અ.સ.) બસરાના કૈદખાનામાં, બગદાદના કૈદખાનામાં જયાં પણ ગયા ત્યાં આપ(અ.સ.) ફરમાવતા, "ખુદાયા! તું જાણે છે કે હું તમારી ઈબાદત માટે એકલાપણું ચાહતો હતો. તે જગ્યા મને આપી તેનો શુક્ર અદા કરૂં છું."

ઈમામ(અ.સ.) ફરમાવે છે કે, "અર્શે ઈલાહી ઉપર એક છાયો છે જેમાં એવા લોકોને જગ્યા મળશે કે જેમણે પોતાના ભાઈઓના હકમાં નેકી અને ભલાઈ કરી હશે અથવા મુશ્કેલીમાં તેમની મદદ કરી હશે." ઈમામ મૂસા કાઝિમ(અ.સ.) રોજ મોહતાજોની ખબર પૂછતા અને તેમની મદદ કરતા.

### * આપ(અ.સ.)નું ઈલ્મ:

હઝરત ઈમામ મૂસા કાઝિમ(અ.સ.) પોતાના ઝમાનાના મોટા આલિમ હતા. ઈલ્મમાં આપ(અ.સ.)નો મુકાબલો કરનાર કોઈ જ ન હતો. એ વિશેની સાબિતી માટે નીચે એક પ્રસંગ લખીએ છીએ જેનાથી આપના ઈલ્મ વિશે માહિતી મળશે.

એક વખત હારૂન હજ માટે મક્કા આવ્યો અને તવાફ વખતે તેણે હુકમ આપ્યો કે મારી સાથે બીજો કોઈ પણ માણસ તવાફ ન કરે પરંતુ જેવું તેણે તવાફ કરવાનું શરૂ કર્યું કે તરત જ એક નવયુવાને આવીને તેની સાથે તવાફ કરવાનું શરૂ કર્યું. આ જોઈને સિપાહીઓએ કહ્યું કે તમે ખલીફાથી દૂર થઈ જાઓ.

આ સાંભળીને નવજવાને કહ્યું, "આ જગ્યાએ તો બાદશાહ અને ગરીબ બંને બરાબર છે." આ વાતચીત હારૂન સાંભળતો હતો. તેણે સિપાહીઓને મનાઈ ફરમાવી

અને તવાફ કરવાનું ચાલુ રાખ્યું.

પેલા યુવાન હારૂનની આગળ આગળ તવાફ કરતા હતા, જેવો હારૂન હજરે અસ્વદને ચુંબન કરવા આગળ વધ્યો કે તરત જ તેના પહેલાં જ પેલા યુવાને ચુંબન કરી લીધું. આવી જ રીતે જયારે હારૂન મકામે ઈબ્રાહીમ ઉપર નમાઝ પઢવા આગળ વધ્યો કે તરત જ પેલા યુવાન આવી પહોંચ્યા અને હારૂનની આગળ થઈ જઈ નમાઝ પઢવા લાગ્યા પછી હારૂને નમાઝ પઢી.

જયારે હારૂન દરેક ક્રિયા પૂરી કરી ચૂકયો ત્યારે તેણે પેલા યુવાનને બોલાવી લાવવા સિપાઈઓને હુકમ કર્યો. સિપાઈઓ તે યુવાન પાસે ગયા અને કહ્યું કે બાદશાહ આપને બોલાવે છે. એ યુવાને જવાબ આપ્યો કે "મને તેની પાસે આવવાની ગરજ નથી પણ તેને ગરજ હોય તો તે મારી પાસે આવે." બાદશાહના નોકરો આ સાંભળીને પાછા ગયા અને હારૂનને તમામ હકીકત કહી સંભળાવી. આથી હારૂન તે યુવાન પાસે ગયો અને પૂછયું,

હારૂન : આપની રજા હોય તો હું બેસી જા?

યુવાન : આ મારૂં મકાન નથી કે જેથી તું મારી પાસે રજા માંગે છે. આ ખુદાનું ઘર છે. તારી મરજી હોય તો બેસ, તારી મરજી હોય તો ઉભો રહે. તારી મરજી હોય તેમ કર.

હારૂન : (બેસીને) અય યુવાન ! તું ખૂબ હિંમતવાળો છે, બાદશાહો સાથે આ રીતે વાત થાય?

યુવાન : હા. છે એમજ.

હારૂન : હું તમને કેટલાક પ્રશ્ન પૂછું છું જેના જવાબ જો તમે બરાબર નહીં આપો તો હું તમને સખતમાં સખત શિક્ષા કરીશ.

યુવાન : તું મારી પરીક્ષા લેવા ખાતર આ સવાલો પૂછવા ચાહે છે કે દીનના મસઅલા જાણવા માટે?

હારૂન : મસઅલા જાણવા માટે જ પૂછું છું.

યુવાન : ત્યારે તું એવી રીતે બેસ જેવી રીતે કે ઉસ્તાદ સામે તેનો વિદ્યાર્થી બેસે છે.

હારૂન : (અદબથી બેસે છે) વાજિબ શરઈ કઈ કઈ વસ્તુઓ છે ?

યુવાન : એક, પાંચ, સત્તર, ચોત્રીસ, ચોરાણું, એકસો ત્રેપન, ત્યારપછી બારમાં એક, ચાલીસમાં એક, બસોમાં પાંચ, આખા જીવન દરમિયાન એક અને એકના બદલે એક.

હારૂન : (હસીને) સુબ્હાનલ્લાહ! હું તમને વાજિબ શરઈ પૂછી રહ્યો છું જયારે તમે તો મને હિસાબ ગણાવો છો.

યુવાન : દીન અને દુન્યાનો દારોમદાર હિસાબ ઉપર

જ છે અને જો તેમ ન હોત તો ખુદા બંદાઓનો હિસાબ રોઝે કયામતમાં શા માટે લેશે?

હારૂન : સારૂં, હવે તમે જે જવાબ આપ્યો છે તેનો ખુલાસો કરો, નહીંતર હું તમને સફા અને મરવા વચ્ચે કત્લ કરાવી નાખીશ.

આ સાંભળીને તેના એક નોકરે કહ્યું, અય મોઅમીનોના અમીર! આ ખુદાનું ઘર છે. અહીંયાં યુવાનને કત્લ કરવાનો ઈરાદો ન કરતા. આ સાંભળીને પેલા યુવાન જોરથી હસવા લાગ્યા.

હારૂન : તમે કેમ હસો છો?

યુવાન : મને ખબર નથી પડતી કે તમારા બંનેમાંથી કોણ વધુ મૂર્ખ છે. જે મોતને ટાળવાની વાત કરે છે કે જે ન આવનાર મોતને બોલાવવાની વાત કરે છે તે.

હારૂન : જવા દો એ વાતને, હવે અસલ વાત ઉપર આવો અને મારા પ્રશ્નનો જવાબ આપો.

યુવાન : મેં જે કહ્યું કે વાજિબ એક છે તે દીને ઈસ્લામ છે કેમકે દીને ઈસ્લામ સિવાય બીજો કોઈ પણ દીન ખુદાએ પસંદ કરેલ નથી. પાંચ વાજિબ છે. તે પાંચ ટાઈમની નમાઝ છે. સત્તર રકાતમાં બે સિજદાના હિસાબે સત્તર રકાઅતમાં ચોત્રીસ સિજદા વાજિબ છે. ચોરાણું એટલે ચોરાણું તકબીરો છે જે દરેક રકાત રૂકુઅ અને સિજદાની સાથે કહેવામાં આવે છે, એકસો ત્રેપન વાજિબ

કહ્યા તે તસ્બીહાત છે જે પંજગાના નમાઝમાં અદા કરવાની હોય છે. ચાલીસમાં એક વાજિબ કહ્યું તે ઝકાત છે જે ચાલીસ દીનારમાંથી એક દીનાર કાઢવાનો હોય છે. બારમાં એકનો અર્થ બાર માસમાં એક માસ માહે રમઝાનના રોઝા વાજિબ છે. બસોમાં પાંચમો ભાગ કહ્યો તે ખુમ્સ છે કે જયારે માણસ પાસે બાર માસનો ખર્ચ કાઢતાં બસો દિરહમ વધે તો તેમાંથી પાંચમો ભાગ આપવાનું વાજિબ છે તેના હકદાર નાયબે ઈમામ અને આલે રસૂલ છે. બીજો કોઈ માણસ હકદાર થઈ શકતો નથી. જીવન દરમિયાન એક વાજિબ છે તે હજ છે જે તે જીવનમાં એક વખત અદા કરવાનું વાજિબ છે અને એકના બદલે એકનો અર્થ બેગુનાહને કત્લ કરવુ છે જેથી કત્લ કરનાર પણ કત્લ થાય છે.

યુવાનના આવા જવાબો સાંભળીને હારૂન દંગ થઈ ગયો. હારૂન પાસે અશરફીઓની થેલી હતી તે ઉપાડીને તેણે કહ્યું, ‘‘અય યુવાન! તમે મને જે મસઅલાઓ બતાવ્યા તેના બદલા તરીકે હું આ થેલી તમને આપું છું.

યુવાન : મસઅલા બતાવવા કે તેથી થતા ફાયદા માટે?

હારૂન : મસઅલા જાણવા મળ્યા તે માટે.

ત્યારબાદ તે યુવાને થેલી ખોલી અને તે જ જગ્યાએ

થેલીમાંથી સિકકાઓ કાઢીને ગરીબો, મિસ્કીનોને વહેંચી દીધા. શાહી નોકરોએ તે યુવાનનું નામ પૂછયું ત્યારે કોઈકે કહ્યું કે આ તો ઈમામ મૂસા કાઝિમ(અ.સ.) છે. જયારે હારૂને આપનું નામ સાંભળ્યું ત્યારે તે કહેવા લાગ્યો, ખરેખર વિશાળ વૃક્ષનાં પાંદડાં પણ તેના પ્રમાણે જ વિશાળ હોય છે.

આવા ઈમામ(અ.સ.)ને ઝાલિમોએ કેદખાનામાં કેદી બનાવીને રાખ્યા અને આપ(અ.સ.)ના આખરી કેદખાનાનો જેલર 'સનદી બિન શાહૂક' ખૂબજ સખ્ત દીલનો હતો. તે કૈદખાનામાં ઈમામ(અ.સ.) ઉપર ખૂબજ ઝુલ્મો સિતમ કરવામાં આવ્યા અને છેલ્લે હારૂન રશીદના હુકમથી ઈમામ(અ.સ.)ને ઝેર આપવામાં આવ્યું અને ત્રણ દિવસ ખૂબજ તકલીફ બરદાશ્ત કર્યા પછી ૫૫ વર્ષની ઉંમરે આપ(અ.સ.) શહાદત પામ્યા.

પરવરદિગાર કયામત સુધી ઝાલિમો ઉપર લાનત કરે. માઅબુદથી દુઆ છે કે બાબુલ હવાએઝ ઈમામ(અ.સ.)ના સદકામાં આપણને ઈલ્મો-ઈરફાન એહલેબૈત(અ.મુ.સ.) અતા કરે અને તેમના બતાવેલા રસ્તા ઉપર ચાલવાની તૌફિક ફરમાવે અને મુન્તકીમે ખૂને હુસૈન કાએમે આલે મોહમ્મદ(અ.સ.)ના ઝહૂરમાં તાજીલ ફરમાવે.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com